સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
પરીક્ષા વિભાગ ૦૨,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૩૪ / ૩૦૧ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૮૬૪૧૧
ઈ-મેઈલ : exam02@suuuni.ac.in

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

નં.પરીક્ષા/૦૨/૧૦૯/૨૦૨૦ તા.૧૯ -૦૧-૨૦૨૧

પરિપત્ર,

વિષય: અધ્યાપકોના નામ પ્રાશ્નીક પરીક્ષકોની બોર્ડ પેનલ ઉપર દાખલ કરવા બાબત

સંદર્ભ: (૧)નં/પરીક્ષા/૦૨/૧૦૭૨/૨૦૧૯ તા.૩-૧૨-૨૦૧૯ નો પરિપત્ર

(૨)તા.૧૦-૧૨-૨૦૧૯ ની એકેડમીક કાઉન્સિલ નો ઠરાવ નં.૭૭ તેમજ તા. ૨૦-૧૨-૨૦૧૯ની સિન્ડીકેટ સભાનો ઠરાવ નં.૨૪(૭૭)

ઉપરોક્ત વિષય પરત્વેના અનુસંધાને જણાવવાનું કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા શરતી માન્યતા ધરાવતા પ્રાધ્યાપકોના નામ પ્રાશ્નીક પરીક્ષકોની બોર્ડ પેનલ ઉપર દાખલ કરવા માટે ફોર્મ નં.૨૦૬ વારંવાર ભરી અત્રે રજુ કરવામાં આવે છે.પરંતુ સંદર્ભ (૧) અન્વયે આ બાબત પરિપત્ર કરવામાં આવેલ હતો.

ઉપરોક્ત સંદર્ભ નં.(૨) મુજબ ઠરાવ થયેલ છે કે “ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્થિત ભવનોમાં ફરજ બજાવતા ‘૧૧’ માસ કરાર આધારીત કોન્ટ્રાકટ બેઇઝ શૈક્ષણિક સ્ટાફનો તથા જોડાણ વિભાગ દ્વારા જે શૈક્ષણિક સ્ટાફને શરતી શૈક્ષણિક માન્યતા આપવામાં આવેલ હોય તેવા શૈક્ષણિક સ્ટાફનો સમાવેશ પ્રાશ્નીક/પરીક્ષકોની યાદી (પેનલ) માં કરવો નહી.

આથી વધુ ઠરાવવામાં આવે છે કે જે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં નિયમિત શૈક્ષણિક સ્ટાફ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં ભવનના અધ્યક્ષશ્રી ની ભલામણ ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા ભવનોમાં ફરજ બજાવતા ૧૧માસ કરાર આધારીત કોન્ટ્રાકટ બેઇઝ શૈક્ષણિક સ્ટાફનો સમાવેશ પ્રાશ્નીક/પરીક્ષકોની યાદી (પેનલ) માં કરવા માન. કુલપતિશ્રીને સત્તા આપવી. “

હવેથી સંદર્ભ(૨) ના ઉપરોક્ત ઠરાવ અનુસાર પ્રાશ્નીક /પરીક્ષક ની બોર્ડ પેનલમાં નામ દાખલ કરવા માટેની બાબત ધ્યાને લેવાની રહેશે.

પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો ના આચાર્યશ્રીઓ
૨. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ના તમામ ભવનના અધ્યક્ષશ્રીઓ
૩. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય તમામ સંસ્થાના વડા

નકલ સાદર રવાના

૪.માન કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી,/કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી.
૫. એકેડેમિક વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,રાજકોટ
૬.નિયામકશ્રી,મધ્યસ્થ મૂલ્યાંકનકેન્દ્ર,સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,રાજકોટ
૭. જોડાણ  વિભાગ.સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,રાજકોટ
૮. સિન્ડીકેટ વિભાગ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ